GACL®

Promoting Green Technology

# ક્યૂએચએસઈઈએન પોલિસી

**અમે, ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જીએસીએલ), રાસાયણિક ઔદ્યોગિક પેદાશોના બિઝનેસમાં પ્રવૃત્ત છીએ. અમારી ક્યૂએચએસઈઈએન મેનેજમેન્ટ સિસ્ટમ અને ઉત્કૃષ્ટ ઊર્જા સંચાલન કામગીરીમાં સતત સુધારણા કરવા અને ગ્રાહક સંતોષનું પ્રમાણ વધારવા કટિબદ્ધ છીએ.**

## આ બાબતો હાંસલ કરવા માટે અને નીચેની બાબતોએ અમારી પ્રતિબદ્ધતા વ્યકત કરીએ છીએ:

- સલામતી અને ઊર્જા વપરાશ, કાર્યદક્ષતા, પર્યાવરણને લાગુ પડતી તમામ વૈધાનિક જરૂરિયાતો અને કાયદાઓનું પાલન કરવું
- હરિયાળા વાતાવરણની વૃદ્ધિ કરવા કુદરતી સંસાધનોની કાળજી લઈને અમારા સમગ્ર પરિસરમાં ન્યૂનતમ ઊર્જા વપરાશ અને કાર્યક્ષમતા હાંસલ કરવા.
- ઊર્જા-વ્યવસ્થાપનની શ્રેષ્ઠ પ્રણાલી વિકસાવવા:
    - મહત્વના ઊર્જા વપરાશ વિભાગોમાં ઊર્જાનો વપરાશ બને એટલો ઓછો કરવો
    - પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ કરવો
    - ઊર્જા-બચત કરતા સાધનો, ઉત્પાદનો અને સેવાઓ હાંસલ કરવા
    - ઊર્જા-કામગીરી સુધારવા માટે અદ્યતન પ્રણાલીનો ઉપયોગ
    - હેતુઓ અને લક્ષ્યપ્રાપ્તિ માટે સૌને આવશ્યક માહિતી અને સંસાધનો પૂરા પાડવા
- ગુણવત્તા સુધારવા માટે, ઈજાઓ થતી રોકવા, આરોગ્ય કથળતું અટકાવવા અને પ્રદૂષણ રોકવા યોગ્ય ટેકૂનિકો અપનાવવી, પર્યાવરણ, વ્યાવસાયિક સ્વાસ્થ્ય તથા સુરક્ષાને લગતા અવરોધો અને જોખમોને નાબૂદ કરવાં, શકય તેટલાં ઓછાં કરવા અથવા અંકુશમાં રાખવા
- બધાંને ઉચ્ચ ધોરણોની સુરક્ષા ઉપલબ્ધ કરાવવી અને બધાંને સુરક્ષિત વર્તન માટે પ્રોત્સાહન આપવું
- ઘટનાઓ, બિનસલામત સ્થિતિઓ, બિનસલામત કાર્યો, સ્વચ્છ-અસ્વચ્છ આદતો વગેરે બાબતોએ અગ્રસક્રિય (પ્રોએકિટવ) વલણ અપનાવીને દેખરેખ રાખવી અને આવી ઘટનાઓ તથા સ્થિતિઓની ત્વરિત જાણ કરવી
- તમામ વિભાગોની કાર્યરીતિઓ, પ્રક્રિયાઓનું પાલન કરવું અને દરેકેદરેકને પોતાની જવાબદારી માટે સભાન કરવા
- કર્મચારીઓ અને કોન્ટ્રાકટ પર કામ કરતા કામદારોમાં સ્પર્ધાત્મક ક્ષમતા, સભાનતા, કુશળતા અને કાર્યદક્ષતા ખિલવવી અને પ્રભાવી સહભાગિતા અને પરામર્શન માટે પ્રેરીત કરવા તથા વ્યાપારીઓ, ગ્રાહકો તેમજ આ સમુદાયના લોકોમાં પણ સંવાદ સાધવો.
- ક્યૂએચએસઈઈએન મેનેજમેન્ટ સિસ્ટમની પર્યાપ્તતા, યોગ્યતા અને અસરકાર કતા જેવી બાબતોએ સમયાંતરે મૂલ્યાંકન કરવું.

અમે જીસેસીએલ સાથે કે તેના વતી કામ કરનાર દરેકેદરેકને અને આ પોલિસી જાણવામાંરસ ધરાવતા પક્ષકારોને તથા જાહેર જનતાને તેમના દ્વારા માગણી થાય ત્યારે આ પોલિસીની જાણ કરીશું

અમે સૌનો સાથ આવકારીએ છીએ, જેથી એક યુનિટ તરીકે અમો ઊર્જા બચાવીને આપણા પર્યાવરણનું જતન કરી શકીશું.

AN ISO CERTIFIED COMPANY

ISO 14001:2015, BS OHSAS 18001:2007, EN ISO 50001:2011, ISO 9001:2015

**પી. કે. ગેરા, આઈએએસ (રિટાયર્ડ)**
**મેનેજિંગ ડિરેકટર**

# ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ લિમિટેડ

Reviewed 05.09.2019